

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-48 ■ તા. 2711-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# દિલ્હીથી આવેલો આપનો નમૂનો આતંકીઓનો હિતેચ્છુ, શું તેને મત આપીને કલંકિત કરાય?

સોમનાથ,તા.૨૬

સોમનાથ સાંનિધ્યે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની આજે સભા યોજાઈ હતી, જેમાં તેમણે આમ આદમી પાર્ટી(છછઁ) અને કોંગ્રેસને આડેહાથ લીધી હતી. આકરા પ્રહારો કરતાં યોગીએ જણાવ્યું હતું કે દિલ્હીથી આવેલો આમ આદમી પાર્ટીનો નમૂનો આતંકીઓનો હિતેચ્છુ છે, શું તેને મત આપીને કલંકિત કરાય? તેમજ કોંગ્રેસને લઈ કહ્યું હતું કે કોંગ્રેસે મુસ્લિમોના મતો માટે ક્યારેય હિન્દુઓને સન્માન આપ્યું નથી અને હંમેશાં હિન્દુઓની આસ્થા સાથે ખીલવાડ કરવાનું કામ કર્યું છે. રાજકોટમાં આજે ભાજપના ઉમેદવારો અને નેતાઓ સિવિલ હોસ્પિટલ ચોક ખાતે બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર કરવા આવ્યા હતા, પરંતુ દલિત સમાજના લોકોનો પણ એ જ સમયે ફૂલહાર કરવાનો કાર્યક્રમ હતો. આથી દલિત સમાજે ભાજપના નેતાઓનો વિરોધ કર્યો હતો. દલિત સમાજના એક વડીલે જણાવ્યું હતું કે તાજેતરમાં જ વજુભાઈ વાળાએ દલિત સમાજની લાગણી દુભાઈ એવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી સમયે જ નેતાઓને બાબાસાહેબ યાદ આવે છે, બાકી કોઈ આવતું નથી. દલિત સમાજના લોકોએ કહ્યું હતું કે બહુ ભક્તિ કરી ભાઈ, હવે વારો આવવા દ્યો. જોકે આ કાર્યક્રમમાં ભાજપના નેતાઓને દલિત સમાજના લોકોનો સામનો કરવો પડ્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા રેલી અને જનસભા યોજી મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે રાજ્યના મુખ્યમંત્રી અને ઘાટલોડિયા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્ર પટેલ દ્વારા પોતાના મતવિસ્તાર ઘાટલોડિયામાં રોડ શો યોજાયો છે. મેમનગરના ગુરુકુળ રોડ પરથી આ રોડ શો શરૂ કરી મત વિસ્તારમાં ફરીને બોડકદેવગામ ખાતે પૂર્ણ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેમનગર સુભાષ ચોક ખાતે ભીડભંજન હનુમાન મંદિરે દર્શન કરી રોડ શો શરૂ કર્યો. મુખ્યમંત્રીનો ૧૦૦૦ બાઈકો અને ૫૦ જેટલી ગાડીઓ સાથે ૧ કિલોમીટર લાંબો રોડ શો યોજાયો છે. કુલ ૧૨ કિલોમીટરનો આજે રોડ શો યોજાઈ રહ્યો છે.કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહે ભરુચ જિલ્લાના વાગરા ખાતે એક જાહેરસભાને સંબોધીને ૨૦૦૨નાં રમખાણો યાદ કર્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક સભામાં જણાવ્યું હતું કે ગુજરાતમાં અસામાજિક તત્ત્વો અગાઉ વારંવાર હિંસા કરતાં અને કોંગ્રેસ તેમને છાવરતી હતી, પરંતુ એ લોકોને ૨૦૦૨માં એવો તે પાઠ ભણાવ્યો છે કે તે લોકો ખો ભૂલી ગયા છે. એટલું જ નહીં, ભારતીય જનતા પાર્ટીએ આખા ગુજરાતમાં ×કાયમની શાંતિ× કરી દીધી છે.

વાગરા ખાતે એક જાહેરસભાને સંબોધતાં તેમણે આક્ષેપ કર્યો હતો કે, ગુજરાતમાં (૧૯૯૫ પહેલાં) કોંગ્રેસનું રાજ હતું. ત્યારે વારંવાર કોમી રમખાણો થતા હતા. કોંગ્રેસ પોતે જ અલગ-અલગ સમુદાયના લોકોને ભડકાવીને એકબીજાની સામે લડાવતી હતી. આ કારણથી જ છાશવારે ગુજરાતમાં કોમી રમખાણો થતા હતા. આવા રમખાણોની આગ ઉપર જ કોંગ્રેસ પોતાના રાજકીય રોટલા શેકતી અને પોતાની વોટબેંક મજબૂત કરતી હતી. કોંગ્રેસે વર્ષો સુધી સમાજના એક મોટા વર્ગ સાથે વારંવાર અન્યાય કર્યો છે. પરંતુ ૨૦૦૨ પછી તો ગુજરાતમાં કાયમની શાંતિ થઈ ગઈ છે. કારણ એટલું જ છે કે જે લોકો વારંવાર હિંસા કરવા અને ભડકાવવા ટેવાયેલા હતા તેમને બરાબરનો સબક શીખવાડ્યો છે.દરમિયાન કેન્દ્રીય મંત્રી અને ભાજપ નેતા સ્મૃતિ ઈરાનીએ સુરતમાં કેજરીવાલ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કેજરીવાલમાં દમ હોય તો ગુજરાતમાં આવીને બોલી બતાવે. કેજરીવાલ પોતાના વિધાનસભા વિસ્તારમાં એક સ્કૂલ બનાવી શક્યા નથી અને દારૂ પીવા માટેની ટ્રેનિંગ આપવા માટે ક્લાસ શરૂ કરે છે. આમ આદમી પાર્ટીને મત આપવો તે દારૂડિયાને મત આપવા સમાન થશે. આ ઉપરાંત રાહુલ ગાંધી પોતના મતક્ષેત્રમાં જતા નથી અને ગુજરાતમાં આવે છે તેમજ પાકિસ્તાનના નારા ભારત જોડો યાત્રામાં લાગ્યા હતા.હાર્દિક પટેલ સામે આ વખતે જીતવું કપરાં ચઢાણ છે. જોકે જીતના વિશ્વાસ સાથે મક્કમ હાર્દિક પટેલે પોતે જીતશે તો વિરમગામની શિકલ બદલી નાખતાં વચનો મતદારોને આપ્યા છે.હાર્દિક પટેલે સોશિયલ મીડિયામાં એક પોસ્ટમાં પોતાનાં વચનો પોસ્ટ કર્યા છે, જે મુજબ વિરમગામ, નળકાંઠા વિસ્તાર, માંડલ તથા દેત્રોજમાં વિકાસકાર્યો કરવાની ખાતરી આપી છે. હાર્દિક પટેલે સૌથી પહેલા જ વિરમગામ જિલ્લો બનાવવાનું વચન આપ્યું છે, સાથે જ અમદાવાદના કાંકરિયા તળાવ જેમ મુનસર અને ગંગા તળાવનો પણ વિકાસ કરાશે. નળકાંઠા, માંડલ અને દેત્રોજમાં ૫૦ બેડની નવી હોસ્પિટલ બનાવવાની, વિરમગામમાં સાયન્સ, કોમર્સ અને આર્ટ્સની કોલેજ બનાવવાનું વચન આપ્યું છે. ઉપરાંત સ્પાર્ટ્સ કોમ્પ્લેક્સ, બાગ-બગીચા બનાવવાનાં વચનો આપ્યા છે.

### ભારતને ધમકી આપનારા રમીઝ રાજાને અનુરાગે જવાબ આપ્યો

## યોગ્ય સમયની રાહ જુઓ, ભારત રમત- ગમત ક્ષેત્રે ખુબ શક્તિશાળી છે, તેને નજર અંદાજ ન કરી શકાય

નવીદિલ્હી,તા.૨૬

તાજેતરમાં જ બીસીસીઆઈ સેક્રેટરી જય શાહે નિવેદન આપ્યું હતું કે, ×ભારતીય ટીમ વર્ષ ૨૦૨૩માં પાકિસ્તાનમાં યોજાનાર એશિયા કપ માટે પાકિસ્તાન નહીં જાય અને એશિયા કપનું સ્થળ બદલીને યુએઈ કરી શકાય છે. કારણ કે તે બીસીસીઆઈનો નહીં પરંતુ પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો નિર્ણય છે.× ભારત સરકારના હાથમાં છે. જે બાદ પીસીબી અધ્યક્ષ રમીઝ રાજાનું નિવેદન આવ્યું કે આ નિવેદનને હળવાશથી લેવામાં નહીં આવે અને આઈસીસીની બેઠકમાં તેની ચર્ચા કરવામાં આવશે. ત્યારે પૂર્વ પાકિસ્તાની કેપ્ટન અને પીસીબી અધ્યક્ષ રમીઝ રાજાએ ફરી આ મુદ્દો ઉઠાવ્યો છે અને મોટું નિવેદન આપ્યું હતું. અને એક ઉર્દૂ ન્યૂઝ સાથે વાત કરતાં રમીઝ રાજાએ બીસીસીઆઈ




અને રોહિત શર્માની આગેવાની હેઠળની ભારતીય ટીમને લઈને એક નિવેદન આપ્યું હતું કે જો ભારતીય ટીમ પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે તો બાબર આઝમની આગેવાની હેઠળની પાકિસ્તાની ટીમ પણ વર્ષ ૨૦૨૩માં ભારતમાં યોજાનાર વનડે વર્લ્ડ કપ માટે ભારતનો પ્રવાસ નહીં કરે.

રમીઝ રાજાએ વધુમાં કહ્યું કે, જો પાકિસ્તાનની ટીમ આવતા વર્ષે યોજાનાર વર્લ્ડ કપમાં ભાગ નહીં લે તો ભારતમાં વર્લ્ડ કપ કોણ જોશે ? અમારો ઈરાદો સાફ છે, જો ભારતીય ટીમ અહીં આવશે તો જ પાકિસ્તાની ટીમ ભારત જશે. વર્લ્ડ કપ રમવા માટે જો તેઓ નહીં આવે તો અમારા વિના વર્લ્ડ કપ રમો. અમે પણ હવે કડક વલણ અપનાવીશું. અમારી ટીમ પ્રદર્શન આપી રહી છે. મેં હંમેશા કહ્યું છે કે આપણે અમારી આર્થિક સ્થિતિ સુધારવાની જરૂર છે અને તે ત્યારે જ થશે જ્યારે પાકિસ્તાનની ટીમ સારો દેખાવ કરશે. અમે ૨૦૨૧ વર્લ્ડ કપમાં ભારતને હરાવ્યું તેમજ અમે એશિયા કપ ૨૦૨૨માં પણ ભારતને હરાવ્યું. એક વર્ષના ગાળામાં અમે એક અબજ ડોલરની ટીમને બે વાર હરાવી છે.

કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે જવાબ આપતા કહ્યું કે યોગ્ય સમયની રાહ જુઓ, ભારત રમત- ગમત ક્ષેત્રે ખુબ શક્તિશાળી છે. અને કોઈ પણ દેશ ભારતને નજરઅંદાજ ના કરે. ૨૦૨૩ એશિયા કપ પાકિસ્તાનમાં યોજાવાનો છે. ત્યારે ભારત તરફથી સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે ટીમ ઈન્ડિયા પાકિસ્તાનના પ્રવાસે નહીં જાય. તે જ સમયે, પાકિસ્તાન તરફથી પણ વળતો જવાબ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ રમીઝ રાજાએ સ્પષ્ટ કહ્યું છે કે જો ભારત એશિયા કપ રમવા પાકિસ્તાન નહીં આવે તો પાકિસ્તાનની ટીમ પણ ૨૦૨૩ વર્લ્ડ કપ માટે ભારત નહીં જાય. અને ૨૦૨૩ વનડે વર્લ્ડ કપ ભારતમાં જ યોજાવાનો છે. આ કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. અનુરાગ ઠાકુરે સ્પષ્ટ કહ્યું છે કે યોગ્ય સમયની રાહ જુઓ. એક સમય એવો આવશે જ્યારે ભારત રમતગમતની દુનિયામાં એક મોટી શક્તિશાળી હશે.

## કોઈ ગઠબંધન માટે બહુમતીનો ચાન્સ નથી, સરકાર બનાવવાની કવાયતમાં વ્યસ્ત ઓલી-પ્રચંડ

કાઠમાંડૂ,તા.૨૬

નેપાળના વડા પ્રધાન શેર બહાદુર દેઉબાની નેપાળી કોંગ્રેસની આગેવાની હેઠળના શાસક ગઠબંધને શનિવારે નેપાળની સંસદીય ચૂંટણીમાં પોતાની લીડ જાળવી રાખી છે, મત ગણતરી ચાલુ છે. અત્યાર સુધીમાં ૧૪૮ બેઠકોના પરિણામો જાહેર થયા છે, જેમાંથી નેપાળી કોંગ્રેસે ૭૭ બેઠકો જીતી છે. દેશના ૨૭૫ સભ્યોના પ્રતિનિધિ ગૃહની ૧૬૫ બેઠકો સીધા મતદાન દ્વારા ચૂંટાય છે, જ્યારે બાકીની ૧૧૦ બેઠકો પ્રમાણસર ચૂંટણી પ્રણાલી દ્વારા ચૂંટાય છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

નેપાળ એક દાયકાથી વધુ સમયથી રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે, આવી સ્થિતિમાં કોઈ પાર્ટી અથવા ગઠબંધનને ગૃહમાં સ્પષ્ટ બહુમતી મેળવવા માટે ૧૩૮ બેઠકોની જરૂર પડશે. એકલા નેપાળી કોંગ્રેસે ૪૮ સીટો જીતી છે. તેના સાથી પક્ષો CPN-Maoist Center અને CPN-Unified Socialist એ ૧૬ અને ૧૦ બેઠકો જીતી છે. ડેમોક્રેટિક સોશિયાલિસ્ટ અને નેશનલ પીપલ્સ ફ્રન્ટને અનુક્રમે બે અને એક સીટ મળી હતી. આ તમામ સત્તાધારી ગઠબંધનનો ભાગ છે.

પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીની આગેવાની હેઠળના વિપક્ષી ગઠબંધન સીપીએન-યુએમએલને ૪૬ બેઠકો મળી હતી. CPN-UMLના સાથી પક્ષો રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી અને જનતા સમાજવાદી પાર્ટીએ અનુક્રમે પાંચ અને ત્રણ બેઠકો જીતી છે. નવી રચાયેલી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ સાત બેઠકો જીતી છે. નાગરિક ઉન્મુક્તિ પાર્ટી, નેપાળ વર્કર્સ એન્ડ પીઝન્ટ પાર્ટી અને જનમત પાર્ટીને અનુક્રમે ૩, ૧ અને ૧ સીટ મળી છે. અપક્ષ અને અન્યને ૧૩ બેઠકો મળી હતી.

રવિવારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ અને સાત પ્રાંતીય એસેમ્બલીની ચૂંટણી યોજાઈ હતી. સોમવારે મતગણતરી શરૂ થઈ હતી. દરમિયાન, નેપાળમાં સંસદીય ચૂંટણીની મતગણતરી વચ્ચે, ટોચના નેતાઓએ સરકારની રચનાની શક્યતાઓ શોધવાના પ્રયાસો શરૂ કર્યા છે. નેપાળ એક દાયકા કરતાં વધુ સમયથી રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે. નેપાળની કમ્યુનિસ્ટ પાર્ટી (યુનિફાઈડ માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ)ના પ્રમુખ કે.પી. ગુરુવારે, ઓલીએ CPN-માઓઈસ્ટ સેન્ટરના અધ્યક્ષ પુષ્કમલ દહલ પ્રચંડને ફોન કર્યો અને બંને નેતાઓએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ચૂંટાવા બદલ એકબીજાને અભિનંદન આપ્યા.

વડાપ્રધાન અને નેપાળી કોંગ્રેસના પ્રમુખ શેર બહાદુર દેઉબાએ પણ પ્રચંડ અને ઓલીને ફોન કરીને તેમની જીત માટે અભિનંદન પાઠવ્યા હતા. આ ત્રણેય નેતાઓ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવની ચૂંટણી જીત્યા છે. પ્રચંડના નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે ટેલિફોનિક વાતચીત દરમિયાન ઓલીએ પ્રચંડને નવી સરકાર બનાવવા માટે ગઠબંધન કરવાની ઓફર કરી હતી. જો કે, પ્રચંડે માત્ર ઓલીને ચૂંટણી જીતવા બદલ અભિનંદન આપ્યા હતા અને તેમની ઓફરનો જવાબ આપ્યો ન હતો.

## પંજાબે કેન્દ્ર પાસેથી ૨૫૦૦ કરોડનું વિશેષ પેકેજ માંગ્યું, નાણામંત્રી ચીમાએ પત્ર સોંપ્યો

### પંજાબના નાણા મંત્રી ચીમાએ કહ્યું કે રોકાણકારો અને ઉદ્યોગોને આકર્ષવા માટે સરહદી રાજ્ય પંજાબને 'સ્પેશિયલ કેસ' તરીકે ગણવામાં આવે

નવીદિલ્હી,તા.૨૬

કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪ માટે પંજાબના સૂચનો અને માંગણીઓ ધરાવતો એક વ્યાપક પત્ર સોંપીને પંજાબના નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય માટે વિશેષ પેકેજની માંગણી કરી છે. માંગ પત્રમાં તેમણે સરહદી જિલ્લાઓના ઔદ્યોગિક વિકાસ, પાક સરહદની સુરક્ષા, પરાળ સળગાવવાની સમસ્યા, સીસીએલ સમસ્યાનું નિરાકરણ, પોલીસ દળના આધુનિકીકરણ, અમૃતસર અને ભટિંડાથી વંદે ભારત ટ્રેનો અને રાજપુરા-ચંદીગઢ રેલ લિંકના નિર્માણ માટે વિશેષ બજેટની માંગણી કરી છે.નવી દિલ્હીમાં માણેકશા સેન્ટર ખાતે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ સાથે પ્રી-બજેટ મીટિંગ દરમિયાન પંજાબના નાણા મંત્રી ચીમાએ કહ્યું કે રોકાણકારો અને ઉદ્યોગોને આકર્ષવા માટે સરહદી રાજ્ય પંજાબને 'સ્પેશિયલ કેસ' તરીકે ગણવામાં આવે. તેમણે કહ્યું કે પઠાણકોટ, ગુરદાસપુર, અમૃતસર, તરનતારન, ફિરોઝપુર અને ફાઝિલ્કાના સરહદી જિલ્લાઓમાં ઔદ્યોગિક વિસ્તારોના વિકાસ માટે પંજાબને ૨૫૦૦ કરોડ રૂપિયાનું વિશેષ પેકેજ આપવું જોઈએ.

સીસીએલનો મુદ્દો ઉઠાવતા, ચીમાએ જણાવ્યું હતું કે ડૉ. રમેશ ચંદની અધ્યક્ષતામાં ૧૫મા નાણાપંચ દ્વારા સૂચિત પેટા સમિતિએ તેના અહેવાલમાં પંજાબ સરકારના રૂ. ૬૧૫૫ કરોડના દાવાને સ્પષ્ટપણે સમર્થન આપ્યું છે. તેમણે સબ-કમિટીના અહેવાલ દ્વારા પ્રમાણિત પંજાબના યોગ્ય દાવાઓ અનુસાર આ મુદ્દાને ઝડપથી ઉકેલીને રાજ્યને આ બોજમાંથી મુક્ત કરવાની માંગ કરી હતી.૧,૧૨૫ કરોડના અંદાજપત્રીય ટેકાની માંગ ઉઠાવતા ખેડૂતો કે જેઓ પરાળ બાળતા નથી તેમને મદદ કરવા માટે, તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે પહેલાથી જ ડાંગરના સ્ટ્રોના વ્યવસ્થાપન પર વધારાનો ખર્ચ ભારત સરકારને ચૂકવી દીધો છે જેથી પરસળ સળગાવવાના જોખમને પહોંચી વળવા અને વાયુ પ્રદૂષણ. ખર્ચ માટે, ખેડૂતોને પ્રતિ એકર ૧૫૦૦ રૂપિયા વળતર આપવા વિનંતી કરવામાં આવી હતીરાજ્યના સરહદી જિલ્લાઓમાં પોલીસ દળ અને પોલીસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા માટે રૂ. ૧,૦૦૦ કરોડની વિશેષ સહાયની માંગ કરતા ચીમાએ જણાવ્યું હતું કે રાજ્ય પ્રતિકૂળ પાડોશી સાથે ૫૫૦ કિમીની સરહદ વહેંચે છે. તેથી, રાજ્યને તેના દ્વારા ઊભા થયેલા પડકારોને પહોંચી વળવા માટે આધુનિક સાધનોથી સજ્જ સુપ્રશિક્ષિત પોલીસ દળની જરૂર છે.

ચીમાએ સરહદી જિલ્લાઓમાં પોલીસ દળની બે બટાલિયનને કાયમી ધોરણે તૈનાત કરવા માટે રૂ. ૧૯૦ કરોડનું બજેટ પણ માંગ્યું હતું. તેમણે કહ્યું કે આનાથી બીએસએફ પર દબાણ ઘટશે. રાજપુરા-ચંદીગઢ વચ્ચે રેલ લિંક સ્થાપિત કરવા ઉપરાંત પવિત્ર શહેર અમૃતસરથી નવી દિલ્હી અને ભટિંડાથી નવી દિલ્હી સુધી વંદે ભારત ટ્રેનો ચલાવવાની માગણી કરતાં ચીમાએ કહ્યું કે રાજ્ય સરકાર રાજપુરા અને ચંદીગઢ વચ્ચે રેલવે ટ્રેક નાખવા માટે ભારતીય રેલવે સાથે કામ કરશે. જરૂરી જમીન આપશે. જેનાથી વિસ્તારના લોકોની લાંબા સમયથી ચાલતી માંગ પૂર્ણ થશે.

પંજાબે આ માંગણીઓ કેન્દ્ર સમક્ષ મૂકી

ૃ સરહદી જિલ્લાઓ માટે ૨૫૦૦ કરોડના વિશેષ ઔદ્યોગિક પેકેજની માંગ

ૃ ૧૫મા નાણાપંચની પેટા સમિતિ અનુસાર સીસીએલનો મુદ્દો ઉકેલવો જોઈએ

ૃ ૧૧૨૫ કરોડની અંદાજપત્રીય મદદ માટે પરસળ સળગાવવાનું બંધ કરવા જણાવ્યું હતું

ૃ સરહદી જિલ્લાઓમાં પોલીસના આધુનિકીકરણ માટે વિશેષ પેકેજની માંગ

ૃ અમૃતસર-નવી દિલ્હી અને ભટિંડા-નવી દિલ્હી વચ્ચે વંદે ભારત ટ્રેનની માંગ

ૃ રાજપુરા-ચંદીગઢ વચ્ચે રેલ્વે લાઈન બનાવવાની માંગ

## કેરળમાં બંદર બનાવવાનો પ્રયાસ કરવા જતાં શરૂ થઈ હિંસા, માછીમારો ભારે પડી રહ્યા છે કોર્પોરેટ ગૃહને

તિરૂવનંતપુરમ,તા.૨૬

કેરળના ત્રિવેન્દ્રમ (તિરૃવનંથપુરમ) પાસે અદાણી ગ્રૂપ દ્વારા મોટુ કન્ટેનર પોર્ટ-બંદર બનાવાઈ રહ્યું છે. કેરળની ડાબેરી સરકારે આ સમુદ્ર કાંઠે અદાણીને સોંપી દેવાનું નક્કી કર્યું છે. પરંતુ સ્થાનિક માછીમારો બહુ સમયથી તેનો વિરોધ કરી રહ્યા છે. કેમ કે અહીં બંદર બને એટલે હજારો સ્થાનિક માછીમારોની રોજગારી છીનવાઈ જાય. દિવસોથી શાંતિપૂર્વક ચાલી રહેલો વિરોધ આજે હિંસક બન્યો હતો. રો-મટિરિયલ લઈને જઈ રહેલા ટ્રકનો માછીમારોએ વિરોધ કર્યો હતો. બાદમાં બોલાચાલી વધતા હિંસા શરૃ થઈ હતી. અહીં તકેદારીના ભાગરુપે પહેલેથી પોલીસ ખડકી દેવાઈ હતી. આજે પોલીસે માછીમારોને રોકવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં હિંસક ઝડપ થઈ હતી.

માછીમારો ૩ મહિના કરતા વધારે સમયથી આ બંદરનો વિરોધ કરી રહ્યા છે. આ જગ્યાએ અદાણી જૂથ ભારતનું સૌથી મોટુ કન્ટેનર પોર્ટ બનાવવા માંગે છે. પર્યાવરણનો ખાત્મો કરીને પ્રોજેક્ટ ઉભા કરવા માટે અદાણી જૂથ સર્વત્ર બદનામ છે.

## રાષ્ટ્રપતિ મુર્મુએ ૨૬/૧૧ના શહીદોને યાદ કર્યા, ગૃહમંત્રી, વિદેશ મંત્રીની પણ શ્રધ્ધાંજલિ

મુંબઈ,તા.૨૬

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ થયેલા આતંકવાદી હુમલાની શનિવારે ૧૪મી વર્ષગાંઠ છે. આ આતંકી હુમલામાં આતંકીઓએ ૧૬૦થી વધુ લોકોના મોત નિપજ્યા હતા. આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મુંબઈ હુમલાના પીડિતોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે ૨૬/૧૧ની વર્ષગાંઠ પર, દેશ કૃતજ્ઞતા સાથે યાદ કરી રહ્યો છે કે આપણે ગુમાવ્યા. અમે તેમના પ્રિયજનો અને પરિવારજનોના દુઃખમાં સહભાગી છીએ. રાષ્ટ્ર સુરક્ષા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પે છે જેમણે બહાદુરીથી લડ્યા અને ફરજની લાઈનમાં સર્વોચ્ચ બલિદાન આપ્યું.વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ હુમલામાં જીવ ગુમાવનારાઓને યાદ કર્યા અને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે આતંકવાદ માનવતા માટે ખતરો છે. ભારત સહિત સમગ્ર વિશ્વ ૨૬/૧૧ના હુમલામાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. સમગ્ર વિશ્વ પીડિત પરિવારોની સાથે ઉભું છે. જેમણે આ હુમલાની યોજના ઘડી હતી તેઓને ન્યાયના ઘેરામાં લાવવા જોઈએ. વિશ્વભરના આતંકવાદના દરેક પીડિત પ્રત્યે અમારી સંવેદના.

મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યરી, સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે પોલીસ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે હુમલા દરમિયાન જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. મુંબઈ ૨૬/૧૧ના આતંકી હુમલામાં વીરતા મેળવનાર વિજય સાલસ્કરની પુત્રી દિવ્યા સાલસ્કરે કહ્યું કે હું તેને યાદ રાખવા માંગતી નથી, પરંતુ તે દરેક જગ્યાએ છે તેથી આવું થતું નથી. શહેરના લોકોએ બતાવેલી દયાએ મારી માતા અને મને જીવવાની શક્તિ આપી.૨૬/૧૧ના આતંકી હુમલામાં શહીદ થયેલા જયવંત પાટીલની ભત્રીજી અદિતિ વરખડેએ કહ્યું કે તે સમયે હું ઘણી નાની હતી પરંતુ મારા માતા-પિતા આખી રાત જાગતા હતા. આટલાં વર્ષો વીતી ગયાં પણ હજુ એ (સ્મરણ) ભૂલાયું નથી. તે સમયે તેમના પુત્ર અને પુત્રીઓ પણ ઘણા નાના હતા. અમારી સરકારે ઘણી બધી બાબતો યાદ રાખી છે જે સારી બાબત છે.

મુંબઈ ૨૬/૧૧ના આતંકી હુમલામાં પરાક્રમી ઝડપ મેળવનાર વિજય ખાંડેકરની માતા નિર્મલા ખાંડેકરે કહ્યું કે હવે તેને ૧૪ વર્ષ થઈ ગયા છે. અત્યારે પણ તમે લોકો તેમને યાદ કરી રહ્યા છો, તેમના માટે અહીં આવી રહ્યા છો, સરકાર તેમને યાદ કરી રહી છે, તે અમારા માટે મોટી વાત છે. આનાથી વધુ હું શું કહું.

ગૃહમંત્રી અમિત શાહે ૨૬/૧૧ના મુંબઈ હુમલામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. ×હું અમારા બહાદુર સુરક્ષા કર્મચારીઓને યાદ કરું છું અને સલામ કરું છું જેમણે આતંકવાદીઓ સામે લડતા સર્વોચ્ચ બલિદાન આપ્યું,× તેમણે કહ્યું. આજનો દિવસ સમગ્ર વિશ્વને આતંકવાદ સામે એક થઈને લડવાનો સંદેશ આપે છે. ભારતમાં ઈઝરાયલના રાજદૂત નાઓર ગિલોને કહ્યું કે, મુંબઈમાં આતંકવાદી હુમલાને ૧૪ વર્ષ પૂરા થઈ ગયા છે. ઈઝરાયેલ ભારતની સાથે છે. બંને દેશો આતંકનો શિકાર છે અને અમે તેની સામે એકજૂથ છીએ.

# તંત્રી લેખ

## સ્વયંશોષિત અબળા

મહિલાઓના શોષણ પર લગામ લગાવવી અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી દરેક પ્રકારે જરૂરી છે. શ્રદ્ધા વોકર હત્યાકાંડના પડઘા હજુ શમ્યા નથી અને આ દુઃખદ ઘટના દર્શાવે છે કે મહિલાઓની સુરક્ષા પ્રત્યે આપણી વ્યવસ્થા સતર્ક નથી. શ્રદ્ધાએ મહારાષ્ટ્રમાં ૨૦૨૦માં પોતાના કથિત પ્રેમી વિરુદ્ધ લેખિત ફરિયાદ કરી હતી. પોલીસને કરાયેલ ફરિયાદ જોઈએ તો મુંબઈ પોલીસે ઈચ્છ્યું હોત તો શ્રદ્ધાનો જીવ બચી શક્યો હોત. વાસ્તવમાં મુંબઈ પોલીસે ત્યારે કોઈ કાર્યવાહી નહોતી કરી, તેથી જ દિલ્હી મહિલા આયોગનાં પ્રમુખ સ્વાતિ માલીવાલે યોગ્ય જ કહ્યું કે 'જ્યાં સુધી દેશની સિસ્ટમ આટલી ખોખલી રહેશે ત્યાં સુધી છોકરીઓ આ રીતે જ મરતી રહેશે.' ગતરોજ દુનિયાએ મહિલાઓ વિરુદ્ધ હિંસા ઉન્મૂલન આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવ્યો, ત્યારે આપણા મગજમાં સ્ત્રીઓના શોષણ વિરુદ્ધ વિચાર આવવા જોઈએ. જોકે લોકો પહેલાંની તુલનામાં સજાગ થયા છે, પરંતુ એટલું જ પર્યાપ્ત નથી. કતરમાં આયોજિત ફૂટબોલ વિશ્વકપમાં ઈરાનના ખેલાડીઓએ પોતાના દેશમાં મહિલાઓના દમનનો જે રીતે વિરોધ કર્યો છે, તે બહુ કારગત છે.

મહિલાઓ સાથે થઈ રહેલ અત્યાચાર રોકવા બહુ જરૂરી છે, તેના પર અલગથી કાયદા થોપવા ન જોઈએ. જ્ઞાનવિજ્ઞાન દરેક ક્ષેત્રે મહિલાઓ હવે પાછળ નથી, તે દરેક મોરચે ખભેખભો મિલાવી ઊભી રહે છે. જો આપણે તેમની સાથે ન્યાયના પક્ષમાં ઊભા નહીં રહીએ તો અસલમાં આપણી માતા, બહેન, બેટીઓને કમજોર કરી દઈશું. ઘરોમાં કેદ કમજોર મહિલાઓ જે પરિવાર, સમાજ રચશે, તે પણ કમજોર જ થશે. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવે માત્ર આંકડા ન ગણાવવા જોઈએ, દુનિયાની તમામ સરકારોને મહિલાઓની સ્થિતિ પૂછવી જોઈએ. બચાવ માટે ઉપાય અવશ્ય થવા જોઈએ. બધા જાણે છે, સમાજ 'શ્રદ્ધાઓ'થી ભરેલો છે અને 'આફતાબો' પણ ભરપૂર છે! 'આફતાબો'ને તો કાયદો-વ્યવસ્થા દ્વારા સીધા કરી દેવાશે, પરંતુ 'શ્રદ્ધાઓ'એ પણ અલગ રીતે વિચારવું પડશે. ભરોસો, ભય કે અતિ-આત્મવિશ્વાસને સમજવો પડશે. લગભગ બે વર્ષ પહેલાં શ્રદ્ધાએ મુંબઈ પોલીસને લેખિતમાં જણાવ્યું હતું કે આફતાબ મને ગાળો બોલે છે અને મારે છે. મારું ગળું દબાવવાની કોશિશ કરી. તે મને ડરાવે અને બ્લેકમેલ કરે છે કે મને મારી નાખશે, ટુકડે-ટુકડા કરી દેશે અને ફેંકી દેશે. છ મહિના થઈ ગયા છે તે મને મારતો રહ્યો છે, પરંતુ મારામાં હિંમત ન હતી.' વાસ્તવમાં ફરિયાદ કરવાની હિંમત તો શ્રદ્ધાએ એકઠી કરી લીધી હતી, પરંતુ પોતાની જ ફરિયાદ પ્રત્યે તેણે સમાધાન પણ કરી લીધું. ભારતીય સમાજમાં મહિલાઓ વિરુદ્ધ હિંસા માટે ખબર નહીં કેટલાય લોકો જવાબદાર હશે, પરંતુ સ્વંય શોષિત રહેનારની જવાબદારી સૌથી વધારે છે. સમય રહેતાં જાગવું, જાગેલા રહેવું અને બીજાને જગાડવાનો સિલસિલો બની જવો જોઈએ. થોડી હિંસા તો ચાલે એવી માનસિકતામાંથી બહાર નીકળવું જોઈએ.

# આન્યા મૃણાલ-પ્રકરણ -૧૮/ રાજુલ કૌશિક




?એ રાત્રે એક હાથમાં છાતી સરસો જડેલો આન્યાનો સ્કેચ લઈને એ બહાર તો નીકળી પણ, કઈ દિશામાં જવુ એની અવઢવ સાથે એ બંગલાના ગેટની બહાર ઊભી રહી, જરા વાર અને પાછું જોયાં વગર એ આગળ વધવા માંડી. ત્યાંજ સામે તેજ લિસોટા સાથે આવતી કાર શોર્ટ બ્રેક સાથે એની પાસે ઊભી રહી. ડ્રાઈવરનો કાર અને બ્રેક પર કમાન્ડ એટલો સજ્જડ હતો નહીંતર રઘવાઈ બનેલી મૃણાલ છેક પાસે આવેલી કાર સાથે અથડાઈ હોત.

કારની હેડ લાઈટ્સમાં એની આંખો અંજાઈ ગઈ હતી અને પોતે તો સાવ જ બઘવાઈ ગઈ હતી કે બુત બનીને ઊભી રહેલી મૃણાલને કારની ડ્રાઈવર સાઈડનું બારણુ ખોલીને અજયભાઈ સામે આવ્યા ત્યાં સુધી સામે કોની કાર છે કે કારમાં કોણ છે એનોય વિચાર ન આવ્યો.

"મૃણાલ !!!!"

"મૃણાલ પ.."

અજયભાઈએ એને હડબડાવી મૂકી ત્યારે એ સ્તબ્ધતામાંથી જાગી હોય એમ એમની સામે તાકી રહી.

પળવારમાં અજયભાઈ પરિસ્થિતિ પામી ગયા.

"છેવટે મેં ધાર્યું હતું એ અણધાર્યુ બન્યુ ખરું. મનોમન એમનાથી નિશ્વાસ નખાઈ ગયો.

કૈરવ સાથે કેટકેટલી વાર ચર્ચા કરી હતી? કૈરવમાં ઉકળતા લાવા સામે કેટલીવાર લાલ બત્તી ધરી હતી? અંતે તો કૈરવે જીદ પર આવીને જે ધાર્યુ હતુ એ કરીને જ રહ્યો.

"મૃણાલ, ચાલપ" એનું બાવડું પકડીને મૃણાલને પેસેન્જર સાઈડ પર બેસાડી અને પોતે ડ્રાઈવિંગ સાઈડ પર ગોઠવાયા. કાર ચાલુ કરીને ઘર તરફ હાંકે એ પહેલાજ મૃણાલે એમનું બાવડું સજ્જડ રીતે પકડી લીધુ જાણે એના જોરથી કારને બ્રેક ન લાગવાની હોય?

"ના, પપ્પાજી હવે નહીં અને હવે પછી પણ નહીં. એકવાર એ ઘરનો ઉંબરો છોડીને નીકળી છું ત્યાં મારા પગ પાછા નહીં ફરે" કહેતા મૃણાલ હિબકે ચઢી.

સારું હતું કે આઈસ્કીમ ખાઈને પાછલી સીટ પર ગાઢ નિંદરમાં પોઢેલી આન્યાના કાન સુધી એનાં અસ્પષ્ટ અસ્ફૂટ રીતે બોલાયેલા શબ્દો પહોંચતા નહોતાં અને મૃણાલ પણ જાણે આન્યાનાં અસ્તિત્વથી બેખબર હોય એમ ધ્રુસકે ચઢી હતી. ફરી એકવાર અજયભાઈથી સજ્જડ બ્રેક મરાઈ ગઈ. કાર બંગલાના ગેટથી લગભગ થોડે દૂર આવીને ઉભી રહી ગઈ.

"ઘર છે એ તારું મૃણાલ અને ઘરની લક્ષ્મી ઘરમાં જ શોભે"

"પપ્પાજી, હવે નથી એ મારું ઘર અને ઘરની લક્ષ્મી તો ક્યારેય સ્વીકારાઈ જ નહોતી નહીંતર આમ અડધી રાતે એને આમ રાતે પાણીએ રોવાનો વારો જ ન આવ્યો હોત ને? બસ પપ્પાજી, હવે મને એક શબ્દ ન કહેશો." અને મૃણાલ બારણું ખોલીને ઊતરવા ગઈ. અજયભાઈએ ફરી એકવાર એનું બાવડું પકડીને રોકી.

"બેસી રહે મૃણાલ" અને એમણે કાર થોડી રિવર્સમાં લઈ શ્રીકાંતભાઈનાં ઘર તરફ હાંકી. વચ્ચેનો સમય અત્યંત ભાર અને ઉદ્વેગ ભર્યો પસાર થઈ ગયો. ન તો મૃણાલ એક શબ્દ બોલી કે ન તો અજયભાઈએ એને એક સવાલ કર્યો પણ કાર ચલાવતા એક હાથે અજયભાઈએ મૃણાલનો હાથ અત્યંત વહાલથી પસવાર્યા કર્યો. મૃણાલ પણ આ સ્પર્શમાં એક બાપની હતાશા, એક સંવેદનશીલ વ્યક્તિની સંવેદના અનુભવી રહી.

ઘરના ઝાંપાની બહાર દૂરથી જ બે નાનકડી આંખો તગતગતી દેખાઈ. ઘરના ગેટની એક બાજુના પિલર પર આફ્રિકન આદીવાસીનું લાકડાનું મહોરુ લગાડેલું હતુ . મ્હોં અને આંખની જગ્યાએ બાકોરા હતાં અને એ આંખનાં બાકોરામાં બે નાના બલ્બ મુકેલાં હતાં. એની ઉપર લાલ જીલેટીન લગાવ્યું હતું દૂરથી જોનારને એ બે તગતગતી આંખો જાણે વશીકરણ કરતી હોય એમ દેખાતી.

ઘરના ગેટ પાસે આવીને અજયભાઈ કાર રોકીને બારણું ખોલીને ઊતરે એ પહેલાં મૃણાલે અજયભાઈનાં હાથ પર સધિયારો આપતી હોય એમ હાથ મૂક્યો, બારણું ખોલીને ઉતરી અને બોલી,

"બસ, પપ્પાજી. તમે અહીંથી પાછા વળી જાવ. હું નથી ઈચ્છતી કે આ ક્ષણે તમારે મમ્મી-પપ્પાના કોઈ પણ સવાલોનો સામનો કરવો પડે."

અને પાછલું બારણું ખોલીને એ ઊંઘતી આન્યાને ઊંચકવા નીચે નમી.

"બસ મૃણાલ, દીકરી અહીંથી જ અટકી જા. હું પણ નથી ઈચ્છતો કે હવે પછીને ક્ષણે તારે કે મારે કૈરવનો સામનો કરવો પડે."

"પપ્પાજી?" આટલા આઘાતો ઓછા હોય એમ આ નવા આઘાતે તો મૃણાલને સાવ જ દિગ્મૂઢ કરી નાખી.

"જો બેટા, હું કશું જ જાણતો નથી અને મારે કશું જાણવું પણ નથી પણ શું બન્યુ હશે એ હું કલ્પી શકું છું. અત્યારે આન્યા વગર ખાલી હાથે પાછો ફરીશ તો ઘરમાં નવેસરથી પલિતો ચંપાશે અને એના છાંટા તને, આન્યાને અને આખા ઘરને ભસ્મીભૂત કરી મૂકશે. મારું આટલું માન રાખ દીકરી, થોડી ધીરજ ખમી ખા. પરિસ્થિતિ સહેજ ઠંડી પડવા દે, થાળે પડવા દે. એક બાપનું તને વચન છે એ ઘરમાં તું પાછી હોઈશ."

"પપ્પાજી એવા કોઈ વચન ન આપો જેમાં તમારે નિરાશ થવાનું આવે. આજ સુધી આન્યા અને તમારા લીધે જ હું ત્યાં રાજી હતી પણ હવે એ ઘરમાં પાછી નહીં આવું એ મારુંય તમને વચન છે."

"મૃણાલપપ" અવાજ ફાટી ગયો અજયભાઈનો અને મૃણાલ સડસડાટ કરતી ગેટ ખોલીને અંદર જતી રહી. રાત્રે અગિયાર વાગે ક્યારેય આ ઘરમાં બેલ વાગ્યો નહોતો. શ્રીકાંત અને ગાયત્રી બંને સફાળા જાગ્યા.

"મૃણાલ !!!!" મૃણાલ એકપણ શબ્દ બોલ્યા વગર સીધી સડસડાટ એના રૂમમાં જતી રહી અને એની પાછળ પાછળ દોડેલા શ્રીકાંત કે ગાયત્રીનું ધ્યાન પડે એ પહેલા એક કાર ધીમી ગતિએ સરકી ગઈ.

મૃણાલે અજયભાઈને આપેલું વચન એણે હંમેશા નિભાવ્યું એ ઘરમાં ક્યારેય એ પાછી ગઈ જ નહીં.

આલેખનઃ રાજુલ કૌશિક

## ૨૬/૧૧ની વરસી પર કલાકારોએ વીરગતિ પ્રાપ્ત સૈનિકોને આપી શ્રદ્ધાંજલિ, કહ્યું- અમે ભૂલ્યા નથી

મુંબઈ,તા.૨૬

૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાની વરસી હતી. આ હુમલાને ૧૪ વર્ષ થઈ ગયા છે. હવે ઘણા કલાકારોએ સોશિયલ મીડિયા પર શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી છે.અક્ષય કુમારે ૨૬/૧૧માં જીવ ગુમાવનારા લોકોને નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે અક્ષય કુમારે લખ્યુંછે કે, 'મુંબઈ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા બહાદુર જવાનોને નમ્ર શ્રદ્ધાંજલિ, જેમણે ૧૪ વર્ષ પહેલા ૨૬/૧૧ના હુમલામાં પોતાનો જીવ આપ્યો. અમે ભૂલ્યા નથી. આ સાથે તેમણે એક તસવીર પણ શેર કરી છે. જેમાં ૨૨ શહીદ અધિકારીઓને જોઈ શકાય છે. તેમાં તત્કાલીન આઈપીએસ અધિકારી અને જોઈન કમિશનર હેમંત કરકરે, આઈપીએસ અધિકારી અને એડિશનલ કમિશનર અશોક કામટે, મેજર સંદીપ ઉન્નીકૃષ્ણન અને શ્રી તુકારામ ઓમ્બલે જેવા બહાદુરો જોઈ શકાય છે.આ પહેલા અભિષેક બચ્ચને પણ ૨૬/૧૧ના આતંકી હુમલામાં શહીદ થયેલા બહાદુર જવાનોને શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે લખ્યું છે કે, 'અમે ભૂલ્યા નથી'. આ ઉપરાંત તેમણે આ તારીખ ૨૬/૧૧ પણ શેર કરી છે. રવીના ટંડને પણ ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી છે અને લખ્યું છે કે, 'હમ ના માફ કરેંગે, ના ભૂલેંગે, ૨૬/૧૧આ ઉપરાંત અનેક કલાકારો અને અભિનેત્રીઓએ શહીદ પરિવારો પ્રત્યે સંવેદના વ્યકત કરી છે અને શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપી છે

## સાબરકાંઠાઃ અર્ધ સળગેલી હાલતમાં યુવતીનો મૃતદેહ મળી આવ્યા

હિંમતનગર,તા.૨૬

ઈડરમાંથી એક યુવતીનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. જિલ્લામાં ઈડરના નરસિંહપુરા અને પૃથ્વીપુરા ત્રણ રસ્તા નજીક યુવતીનો મૃતદેહ મળી આવ્યો છે. કોઈ અજાણી વ્યક્તિ દ્વારા મૃતદેહને સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. યુવતીનો અર્ધ સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો છે. જ્યારે ફોરેન્સિક ટીમ સાથે રાખી પંચનામુ કરવામાં આવ્યું છે.

ઈડર નાનરસિંહપુરા અને પૃથ્વીપુરા ત્રણ રસ્તા નજીક ખેતરની વાડમાંથી યુવતીની હત્યા કરી લાશને સળગાવવાનો પ્રયાસ કરાયો હોવાનું સામે આવ્યું છે. કોઈ અજાણી યુવતીની હત્યા કરી લાશને અડધી સળગાવવાનો પ્રયાસ કર્યો હોવાનું પ્રાથમિક અનુમાન છે. અર્ધ સળગેલી હાલતમાં યુવતીની લાશ ખેતરની વાડ પાસેથી મળી આવતાં મચચાર મચી છે. જે યુવતીની લાશ મળી છે તેની ઉંમર લગભગ ૨૦ વર્ષ જેટલી હોવાનું અનુમાન છે. અજાણી યુવતીની લાશ મળતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને આ સમગ્ર મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં જિલ્લા એલ.સી.બી, એ.સો.જી, ઈડર ડી.વાઈ.એસ.પી સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. સાથે જ ફોરેન્સિક ટીમને સાથે રાખી ઘટના સ્થળનું પંચનામું કરવામાં આવ્યું છે. અર્ધ સળગેલી હાલતમાં લાશ મળતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યો છે. જ્યારે જે યુવતીની લાશ મળી આવી છે તેની ઓળખ કરવા પોલીસે પ્રયાસ હાથ ધર્યા છે. બીજી બાજુ, પોલીસે સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી ઘટના પાછળનું કારણ અને આરોપીઓને ઝડપી પાડવા ચક્રગતિમાન કર્યા છે.

## ભાજપે એક વધુ વખત સત્યેન્દ્ર જૈનનો જેલર સુપ્રિન્ટેન્ડેન્ટ સાથેનો વીડિયો જાહેર કયો

### બીજેપી નેતા હરીશ ખુરાનાએ વીડિયો ટ્વિટર પર શેર કર્યો છે. કેપ્શનમાં લખ્યું- લો જી પ્રામાણિક મંત્રી જૈનનો નવો વીડિયો.

નવીદિલ્હી,તા.૨૬

મની લોન્ડરિંગ કેસમાં તિહાર જેલમાં બંધ દિલ્હીના મંત્રી સત્યેન્દ્ર જૈનનો વધુ એક નવો વીડિયો સામે આવ્યો છે. આમાં તે તિહાર જેલના સુપરિન્ટેન્ડેન્ટ અજીત કુમાર સાથે વાતચીત કરતા જોવા મળે છે. બીજેપી નેતા હરીશ ખુરાનાએ આ વીડિયો ટ્વિટર પર શેર કર્યો છે. કેપ્શનમાં લખ્યું- લો જી પ્રામાણિક મંત્રી જૈનનો નવો વીડિયો. જેલ મંત્રીના દરબારમાં રાત્રે ૮ વાગ્યે હાજરી આપતા જેલ સુપરિન્ટેન્ડેન્ટ. શેર કરવામાં આવેલો વીડિયો ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨નો છે. જેમાં જૈન ત્રણ લોકો સાથે બેઠેલા જોવા મળે છે. થોડીવાર પછી ત્રણેય ઉભા થઈને ચાલ્યા જાય છે અને જેલ સુપ્રિટેન્ડેન્ટ અજીત કુમાર ત્યાં આવે છે અને ખુરશી પર બેસી જાય છે. આ દરમિયાન જૈન પલંગ પર સૂઈ જાય છે. બંને વચ્ચે કોઈ વાતને લઈને ચર્ચા ચાલી રહી છે.

સત્યેન્દ્ર જૈનને કથિત રીતે વીવીઆઈપી ટ્રીટમેન્ટ આપવા બદલ તિહાર જેલના બેરેક નંબર ૭ના સુપ્રિટેન્ડેન્ટ અજીત કુમારને ૧૪ નવેમ્બરે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આના ૧૦ દિવસ પહેલા એટલે કે ૪ નવેમ્બરે તિહારના ડીજી સંદીપ ગોયલને હટાવીને તેમની જગ્યાએ સંજય બેનીવાલને નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમના પર તિહારમાં કેદ સુકેશ ચંદ્રશેખરએ ૧૦ કરોડ રૂપિયાની વસુલાત કરવાનો આરોપ લગાવ્યો હતો. આ સાથે અન્ય કેટલાક કર્મચારીઓને પણ દૂર કરવામાં આવ્યા હતા.

આ વીડિયો ૧૩ સપ્ટેમ્બરનો છે. ૩૬ સેકન્ડના આ વીડિયોમાં સફેદ ટી-શર્ટ પહેરીને એક વ્યક્તિ મંત્રીના પગ પર સમાજ કરી રહ્યો છે.સત્યેન્દ્ર જૈન પલંગ પર આડા પડ્યા છે અને કાગળ જોઈ રહ્યા છે. પલંગની નજીક રાખવામાં આવેલી ખુરશી પર આરામદાયક ઓશીકું અથવા ગાદી પણ દેખાય છે. તેના પલંગ પર ઓર્થોપેડિક ઓશીકા જેવો તકિયો પણ દેખાય છે. રિમોટ ઓશીકા પર પડેલું છે. રૂમમાં મિનરલ વોટરની બોટલો પણ દેખાય છે.

આ વીડિયો ૧૪ સપ્ટેમ્બરનો છે અને ૨૬ સેકન્ડનો છે. આમાં સત્યેન્દ્ર જૈન પલંગ પર આરામથી સૂઈ રહ્યા છે અને એક માણસ તેમના પગ દબાવી રહ્યો છે. તેમના રૂમમાં ખુરશી પર અખબાર કે મેગેઝિન પણ દેખાય છે. આ વીડિયો ૧૪ સપ્ટેમ્બરનો છે. ૨૬ સેકન્ડના આ વીડિયોમાં સત્યેન્દ્ર જૈન ખુરશી પર બેઠા છે અને એક વ્યક્તિ તેમના માથામાં મસાજ કરી રહ્યો છે. રૂમમાં જૂતાની જોડી અને એક ચપ્પલની જોડી દેખાય છે. આ વીડિયોમાં પણ તેના બેડ પર રિમોટ દેખાય છે.

તિહાર જેલમાંથી સત્યેન્દ્ર જૈનનો ચોથો વીડિયો ૨૧ સપ્ટેમ્બરનો છે. જેમાં ચાર લોકો તેમના રુમમાં હાજર દેખાઈ રહ્યા છે અને મંત્રી તેમની સાથે ચર્ચા કરી રહ્યા છે.તેમાંથી એક વ્યક્તિ મંત્રીની મસાજ કરી રહ્યો છે. ભાજપે બુધવારે જૈનનો ૧૩ સપ્ટેમ્બરનો લગભગ દોઢ મિનીટનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. જેમાં સત્યેન્દ્ર જૈનને બેરેકની અંદર ભોજન પીરસવામાં આવી રહ્યું છે. એક વ્યક્તિ સતત તેની સેવામાં વ્યસ્ત રહે છે. તેના પર ભાજપે કહ્યું- એવું લાગે છે કે તેઓ કોઈ રિસોર્ટમાં રજાઓ માણી રહ્યા છે.

### ઈસરો ની વધુ એક મોટી સિદ્ધિ!

## એક સાથે ૯ સેટેલાઈટ લોન્ચ કર્યા, ભૂટાનનો સેટેલાઈટ પણ અંતરિક્ષમાં મોકલ્યો

શ્રીહરિકોટા,તા.૨૬

ઈસરોએ આજે ૨૬ નવેમ્બર ૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૫૬ વાગ્યે શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી OceanSat-૩ ઉપગ્રહ લોન્ચ કર્યો. PSLV-XL રોકેટ વડે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ સાથે ભૂટાન માટે ખાસ રિમોટ સેન્સિંગ સેટેલાઈટ સહિત આઠ નેનો સેટેલાઈટ પણ લોન્ચ કરવામાં આવ્યા હતા.

ભૂટાનસેટ ભૂતાનસેટ એટલે કે ભારત-ભૂતાનનો સંયુક્ત ઉપગ્રહ છે, જે એક ટેક્નોલોજી ડિમોન્સ્ટ્રેટર છે. તે એક નેનો સેટેલાઈટ છે. ભારતે તેના માટે ભૂતાનને ટેક્નોલોજી ટ્રાન્સફર કરી છે. ભૂતાનસેટમાં રિમોટ સેન્સિંગ કેમેરા છે. એટલે કે આ સેટેલાઈટ જમીનની માહિતી આપશે. રેલવે ટ્રેક બનાવવા, પુલ બનાવવા જેવા વિકાસના કામોમાં મદદ કરશે. તેમાં મલ્ટીસ્પેક્ટ્રલ કેમેરા પણ છે. એટલે કે સામાન્ય ફોટોગ્રાફસની સાથે સાથે અલગ-અલગ પ્રકાશ તરંગોના આધારે ફોટોગ્રાફસ પણ જોવા મળશે.

Oceansa-૧ સૌપ્રથમ વર્ષ ૧૯૯૯માં લોન્ચ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, તેનો બીજો ઉપગ્રહ ૨૦૦૯ માં અવકાશમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો. વચ્ચે Oceansat-૩ લોન્ચ કરવાને બદલે SCATSAT-૧ મોકલવામાં આવ્યો હતો. કારણ કે ઓશનસેટ-૨ નકામો બની ગયો હતો. Oceansat વિશે એવું કહેવાય છે કે આ ઉપગ્રહ દ્વારા દરિયાઈ સરહદોની દેખરેખ પણ કરી શકાય છે.ડેટા રિસેપ્શન ભૂટાનમાં ભારતના સહયોગથી બનેલા કેન્દ્રમાં થશે. પરંતુ તે પહેલા ઈસરો તેને મેળવીને તેમને આપશે. ભૂટાનમાં ભારત ગ્રાઉન્ડ સ્ટેશન પણ વિકસાવી રહ્યું છે. OceanSat-૩ સમુદ્રની સપાટીનું તાપમાન, ક્લોરોફિલ, ફાયટોપ્લાંકટોન, એરોસોલ્સ અને પ્રદૂષણની પણ તપાસ કરશે. આ ૧૦૦૦ કિલો વજનનો ઉપગ્રહ છે. જેને ઈસરો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૬ નામ આપવામાં આવ્યું છે. આ સાથે ચાર એસ્ટ્રોકાસ્ટ, થાઈબોલ્ટ-૧, થાઈબોલ્ટ-૨ અને આનંદ (આણંદ) ઉપગ્રહ જશે. આનંદ ખાનગી કંપની Pixel નો સેટેલાઈટ છે. એસ્ટ્રોકાસ્ટ એક રિમોટ વિસ્તારને જોડતો ઉપગ્રહ છે. એક નાની, સસ્તું અને ટકાઉ ટેકનોલોજી છે સેટેલાઈટન આઈઓટી સર્વિસની. થાઈબોલ્ટ ઉપગ્રહ ભારતીય ખાનગી સ્પેસ કંપની ધ્રુવ સ્પેસ દ્વારા બનાવવામાં આવ્યો છે.

## ચામાચીડિયામાં કોરોના જેવો ખતરનાક વાયરસ મળ્યો, મનુષ્યોમાં ફેલાયો તો તબાહી મચી શકે છે



### વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે પાંચમાંથી એક વ્યક્તિમાં ફેલાવવાની ક્ષણતા ધરાવે છે

નવીદિલ્હી,તા.૨૬

કોરોના વાયરસની ઉત્પત્તિ ચીનમાંથી થઈ હોવાનું માનવામાં આવે છે. આ મહામારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો હતો, જેના કારણે લાખો લોકોના મોત થયા હતા. વિશ્વના કેટલાક દેશોમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે જ્યારે કેટલાક દેશોમાં તે વધી રહ્યા છે. તે દરમિયાન, વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે દક્ષિણ ચીનમાં ચામાચીડિયામાં કોરોના જેવો વાયરસ જોવા મળ્યો છે, જે પાંચમાંથી એક વ્યક્તિમાં ફેલાવવાની ક્ષણતા ધરાવે છે. આ વાયરસ બીટીએસવાય-૨ તરીકે ઓળખાય છે અને તે SARS-CoV-૨ સાથે સંબંધિત છે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે તે ચીનના યુનાન પ્રાંતમાં ચામાચીડિયામાં જોવા મળતા પાંચ ખતરનાક વાયરસમાંથી એક છે, જે મનુષ્ય અને પ્રાણીઓમાં ઘણી બીમારીઓનું કારણ બની શકે છે. આ સિવાય વૈજ્ઞાનિકોની ટીમે પ્રાણીઓથી મનુષ્યમાં ફેલાતા અનેક સંભવિત નવા ઝૂનોટિક રોગો વિશે પણ માહિતી આપી છે.

આ સંશોધનનું નેતૃત્વ શેનઝેન સ્થિત સન યાત-સેન યુનિવર્સિટી, યુનાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્ડેમિક ડિસીઝ કંટ્રોલ અને સિડની યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંશોધનની સમીક્ષા કરવાની બાકી છે. ટીમે કહ્યું, "અમે પાંચ વાઈરસ પ્રજાતિઓની ઓળખ કરી છે જે મનુષ્યો અને પ્રાણીઓ માટે રોગકારક હોઈ શકે છે. તેમાં રિકોમ્બિનેશન SARS જે કોરોનાવાયરસ જેવો જ છે. આ નવો વાયરસ SARS-CoV-૨ અને ૫૦ SARS-CoV બંને સાથે ગાઢ રીતે સંબંધ રાખે છે.વૈજ્ઞાનિકોએ ઉમેર્યું, ×અમારું સંશોધન ચામાચીડિયાના વાયરસની એક પ્રજાતિથી બીજી પ્રજાતિમાં સંચરણ અને સહ-સંક્રમણની સામાન્ય ઘટના તેમજ વાયરસ ઉત્ક્રાંતિ માટે તેમની અસરો પર પ્રકાશ પાડે છે. સંશોધકોએ ચીનના યુનાન પ્રાંતના છ કાઉન્ટીઓ અથવા શહેરોમાં ૧૫ પ્રજાતિઓના ચામાચીડિયામાંથી ૧૪૯ની પેશાબના નમૂના એકત્રિત કર્યા. ચામાચીડિયાના જીવંત કોષોમાં હાજર ન્યુક્લીક એસિડ જેણે આરએનએ કહેવાય છે, તે દરેક ચામાચીડિયામાંથી વ્યક્તિગત રીતે કાઢવામાં આવ્યું હતું અને તેને ક્રમબદ્ધ કરવામાં આવ્યું હતું. સંશોધકોએ શોધી કાઢ્યું કે એક ચામાચીડિયાને એક જ સમયે ઘણા વાયરસ દ્વારા ચેપ લાગ્યો હતો.યુનિવર્સિટી ઓફ નોટિંગહામના વાઈરોલોજિસ્ટ પ્રોફેસર જોનાથન બોલના જણાવ્યા અનુસાર, ×આના કારણે કોરોના વાયરસના પહેલાથી અસ્તિત્વમાં રહેલા સ્વરૂપોને તેમના આનુવંશિક કોડને બદલી શકાય છે, જે નવા પેથોજેન્સ એટલે કે વાયરસનો જન્મ થઈ શકે છે. લોકો માટે સંદેશ એવો છે કે ચામાચીડિયા ઘણા વાયરસો માટે હોસ્ટનું કામ કરે છે. તે એક જ સમય પર એક સાથે ઘણા વાયરસોને પોતાની અંદર રાખી શકે છે અને પછી મોટા પાયે ફેલાય છે. બીટીએસવાય-૨માં એક 'રિસેપ્ટર બાઈન્ડિંગ ડોમેન' પણ છે જે સ્પાઈક પ્રોટીનનો એક મહત્વપૂર્ણ ભાગ છે જેનો ઉપયોગ કોષોને માનવ કોષો સાથે બાંધવા માટે થાય છે. તે SARS-CoV-૨ જેવું જ છે અને માનવ શરીર સાથે જોડાઈને મનુષ્યોને ચેપ લગાવી શકે છે.સંશોધકોની ટીમે વધુમાં ઉમેર્યું, બીટીએસવાય-૨ સેલ એન્ટ્રી માટે માનવ છઝઈર રીસેપ્ટરનો ઉપયોગ કરવામાં સક્ષમ હોઈ શકે છે. એસીઈ-૨ માનવ કોષોની સપાટી પર એક રીસેપ્ટર છે જે SARS-CoV-૨ સાથે જોડાય છે અને તેને શરીરમાં પ્રવેશ કરવાની અને સંક્રમિત કરવાની અનુમતિ આપે છે. દક્ષિણ-પશ્ચિમ ચીનમાં યુનાન પ્રાંતને પહેલાથી જ ચામાચીડિયાની પ્રજાતિઓ અને ચામાચીડિયાથી જન્મેલા વાયરસ માટે હોટસ્પોટ તરીકે ઓળખવામાં આવી છે. ત્યાં સાર્સ સહિત કેટલાક રોગકારક વાઈરસ મળી આવ્યા છે. બેટ વાયરસ RaTG૧૩૧૩ અને RpYN૦૬૧૪, CoV-૨ સાથે નજીકથી સંબંધિત છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001